# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૧ તા.૧૩-૧૦-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- મતદાન મથકોની ચકાસણી કરવા અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવા બાબત.

સંદર્ભ :- ૧. તા.૦૯-૧૦-૨૦૨૦ના રોજ માન.રાજ્ય ચૂંટણી કમિશનરશ્રીની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં અપાટેલ સૂચના અન્વયે.
૨. ક્રમાંક : પ્રાશિનિ/સંકલન/૭-૨/૨૦૨૦/૪૭૬૨-૪૮૨૧ તા.૦૯-૧૦-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય ચૂંટણીપંચના જણાવ્યા મુજબ નવેમ્બર-૨૦૨૦માં સ્થાનિક સ્વરાજની શહેરી અને પંચાયત સંસ્થાઓની ચૂંટણીઓ થવા જઈ રહી છે. જેમાં ૬ મહાનગરપાલિકા વિસ્તાર, ૫૫ નગરપાલિકા વિસ્તાર, ૩૧ જિલ્લા પંચાયતો અનુ ૨૩૧ તાલુકા પંચાયતોના કુલ ૬૪૧૯ મત વિસ્તારોમાં ૪૭૭૦૦૦ મતદાન મથકો ખાતે ચૂંટણી યોજાશે. રાજ્ય ચૂંટણી પંચના જણાવ્યાનુસાર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મોટાભાગના મતદાન મથકો પ્રાથમિક શાળાઓમાં આવેલ હોય છે. ચોમાસાની ઋતુમાં અતિવૃષ્ટિના કારણો કે અન્ય કારણોસર જે ઓરડાઓમાં મતદાન મથકો નિશ્ચિત કરવામાં આવ્યા છે. તેમાં કોઈપણ પ્રકારનું સમારકામ, રેમ્પ બનાવવા તેમજ બુથ ધરાવતા ઓરડાઓમાં અન્ય કોઈપણ પ્રકારની રીપેરીંગની જરૂરિયાત જણાય તો તેનો દિન-૨માં તાત્કાલિક રિપોર્ટ જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને કરવાનો રહેશે.આવા દરેક પત્ર પર ''ચૂંટણી/તાત્કાલીક'' અવશ્ય લખવું.

મદદનીશ શાસનાધિકારીશ્રીએ શાળાકક્ષાએથી આવેલ રિપોર્ટની એકંદરી કરી જે-તે ઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીને જાણ કરી એક નકલ મુખ્ય ઓફિસે મોકલી જરૂરી રીપેરીંગ સત્વરે કરાવવા જણાવવામાં આવે છે.

મતદાન મથકને લગતી સમગ્ર કામગીરી માટે અત્રેની કચેરીના નોડલ ઓફિસરશ્રી ડૉ.અશ્વિનકુમાર ડી. ત્રિવેદી (૯૩૭૪૦૭૩૩૭૦)નાયબ શાસનાધિકારીશ્રી છે.

તા.૧૩-૧૦-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી